દિલ્હી સરકારના કર્મચારીઓ માટે અઠવાડિયામાં ૨ દિવસ 'વર્ક ફ્રોમ હોમ'

પીએમની ઈંધણ બચાવવાની અપીલ બાદ દિલ્હી સરકારનું પગલું

પેટ્રોલના ક્વોટામાં ૨૦%નો કાપ

૫૦% સત્તાવાર મિટિંગ્સ હવે ફરજિયાત ઓનલાઇન યોજાશે

નો કાર ડે અને મેટ્રો ડે

નવી દિલ્હી, તા. 14: દિલ્હી સરકારે ગુરુવારે ઈંધણના વપરાશને ઘટાડવા અને વિદેશી હૂંડિયામણના અનામત પરનું દબાણ ઓછું કરવાના ઉદ્દેશ્ય સાથે શ્રેણીબદ્ધ પગલાંની જાહેરાત કરી છે, જે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની 'સમજદારીપૂર્વક ખર્ચ' અને ઈંધણ બચત માટેની અપીલને અનુરૂપ છે.

નવાં પગલાં હેઠળ દિલ્હી સરકારના તમામ કર્મચારીઓ દર અઠવાડિયે બે દિવસ ઘરેથી કામ (વર્ક ફ્રોમ હોમ) કરશે. સરકારે એમ પણ જણાવ્યું હતું કે, મુસાફરી અને ઈંધણનો વપરાશ ઘટાડવા માટે હવેથી 50% સત્તાવાર બેઠકો ઓનલાઇન યોજવામાં આવશે.

પિક અવર્સ (ટ્રાફિકના મુખ્ય સમય) દરમિયાન ટ્રાફિકની ગીચતા અને ઈંધણનો વપરાશ ઘટાડવામાં મદદ કરવા માટે દિલ્હી સરકાર અને દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (એમસીડી) ઓફિસના સમયમાં પણ ફેરફાર કરશે.

તદુપરાંત, સરકારે સત્તાવાર વાહનોનો ઉપયોગ ઘટાડવાનો નિર્ણય કર્યો છે. અધિકારીઓને ફાળવવામાં આવેલી પેટ્રોલની મર્યાદામાં 20%નો કાપ મૂકવામાં આવ્યો છે, જેનાથી માસિક મર્યાદા 200 લીટરથી નીચે આવી ગઈ છે.

જાહેર પરિવહનને પ્રોત્સાહન આપવાના હેતુથી અન્ય એક પગલામાં દિલ્હી 'મેટ્રો ડે' ઉજવશે, જ્યારે સરકાર લોકોને દર અઠવાડિયે એકવાર 'નો કાર ડે' (વાહન મુક્ત દિવસ) પાળવા માટે પણ અપીલ કરશે.

દિલ્હી સરકારે વધુમાં જાહેરાત કરી છે કે, તે આગામી છ મહિના સુધી કોઈ નવા વાહનોની ખરીદી કરશે નહીં.

કર્મચારીઓમાં જાહેર પરિવહનના ઉપયોગને પ્રોત્સાહિત કરવા માટે સરકારી સ્ટાફ માટે 29 સરકારી વસાહતોમાં 58 વિશેષ બસો દોડાવવામાં આવશે.

ફડણવીસ મોટરસાઈકલ પર વિધાન ભવન પહોંચ્યા

મુંબઈ, તા. ૧૪ (PTI): મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે અહીં વિધાન ભવન સુધી મોટરસાઈકલની સવારી કરી હતી અને ત્યાર બાદ કેન્દ્રના કરકસરના પગલાંનો બચાવ કરતાં કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લોકોને માત્ર 'નાના બલિદાન આપવા' જણાવ્યું છે.

ફડણવીસે આ બાબતે બિનજરૂરી વિવાદ ઊભો કરવા બદલ વિરોધ પક્ષોની ટીકા પણ કરી હતી અને ઉમેર્યું હતું કે વડા પ્રધાનની વિદેશ મુલાકાતો - જે વ્યૂહાત્મક જોડાણો અને આર્થિક લાભો માટે છે - તેના પર સવાલ ઉઠાવવો એ નરી મૂર્ખામી છે. નવા ચૂંટાયેલા વિધાન પરિષદના સભ્યોના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા માટે ફડણવીસ દક્ષિણ મુંબઈમાં તેમના નિવાસસ્થાન 'વર્ષા'થી મોટરસાઈકલ પર વિધાન ભવન પહોંચ્યા હતા, તેમની સાથે ભાજપના નેતા અને મંત્રી આશિષ શેલાર પણ જોડાયા હતા.

મસ્કે ચીનમાં 6 વર્ષના પુત્રને પણ સાથે રાખ્યો

ટ્રમ્પની સાથે ચીન ગયેલ ઇલોન મસ્કના વીડિયો ચીનમાં વાયરલ થયા

મસ્કના પુત્રએ ડ્રેગન માસ્ક વાળી બેગ સાથે ચીની સંસ્કૃતિથી પ્રેરિત કપડાં પહેર્યા

બૈજિંગ, તા. ૧૪: ટેક અબજોપતિ એલોન મસ્કે બેઇજિંગમાં ચીનના નેતૃત્વ સાથેની એક મહત્વપૂર્ણ બેઠકમાં તેમના પુત્ર XA-12 ને સાથે રાખ્યો હતો.

2020માં મસ્ક અને તેમની તે સમયની ગર્લફ્રેન્ડ ગ્રાઈમ્સના ઘરે જન્મેલો આ છોકરો, સફેદ શર્ટ પર વાદળી રંગની બંડી પહેરેલો જોવા મળ્યો હતો, જે ચીની સંસ્કૃતિથી પ્રેરિત હોય તેવું લાગતું હતું. તે ચીની ડ્રેગન માસ્કના આકારની એક બેગ લઈ જતો પણ જોવા મળ્યો હતો. આ પિતા-પુત્રની જોડી આજે એક સરકારી ઈમારત, 'ગ્રેટ હોલ ઓફ ધ પીપલ'માં ફરતી જોવા મળી હતી. દિવસની શરૂઆતમાં, ડોનાલ્ડ ટ્રમ્પની સત્તાવાર મુલાકાત દરમિયાન એલોન મસ્ક 360-ડિગ્રી પ્રવાસી ફોટો લેતા ઝડપાયા બાદ ચીનમાં તરત જ વાયરલ થઈ ગયા હતા.

54 વર્ષીય મસ્ક, આ અઠવાડિયે ટ્રમ્પની ચીન મુલાકાતમાં તેમની સાથે જોડાનારા એક ડઝનથી વધુ ટોચના યુએસ એક્ઝિક્યુટિવ્સમાંના એક છે.

વધતી જતી ભૂરાજકીય તણાવ વચ્ચે ચીનને મનાવવા માટે તેઓ – એનવીડિયાના જેન્સન હુઆંગ, એપલના ટિમ કૂક, બ્લેકરોકના લેરી ફિંક, તેમજ મેટા, વિઝા, જેપી મોર્ગન, બોઈંગ, કાર્ગિલ અને અન્ય કંપનીઓના અધિકારીઓ સાથે – આ પ્રવાસ પર છે. ચીન-અમેરિકા વચ્ચે અનેક સમજૂતિઓ થવાની આશા છે.

દિલ્હીમાં 'નિર્ભયા' જેવી હેવાનિયત

મંગોલપુરીમાં ચાલતી સ્લીપર બસમાં મહિલા પર ગેંગરેપ

કામ પરથી પરત ફરી રહેલી 30 વર્ષની મહિલાને બસમાં ખેંચી જઈ ડ્રાઈવર-કંડક્ટરે આચર્યું દુષ્કર્મ; બંને નરાધમોની ધરપકડ

નવી દિલ્હી, તા. 14 (PTI) દિલ્હીના મંગોલપુરી વિસ્તારમાં નિર્ભયા કાંડની યાદ અપાવતી હચમચાવનારી ઘટના સામે આવી છે. ફેક્ટરીમાં કામ પતાવી ઘરે પરત ફરી રહેલી 30 વર્ષીય પરિણીત મહિલાએ બસ સ્ટેન્ડ પાસે ડ્રાઈવરને સમય પૂછતા, તેને પરાણે ખાનગી સ્લીપર બસમાં ખેંચી લેવામાં આવી હતી. 11 મેની રાત્રે બનેલી આ ઘટનામાં ચાલતી બસમાં ડ્રાઈવર અને કંડક્ટરે મહિલા પર સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો.

પીડિતાના નિવેદન મુજબ, તેની પર જાતીય હુમલો કર્યા બાદ તેને બસમાંથી બહાર ફેંકી દેવામાં આવી હતી. પોલીસે ત્વરિત કાર્યવાહી કરતા પીસીઆર કોલના આધારે એફઆઈઆર નોંધી બંને આરોપીઓની ધરપકડ કરી લીધી છે અને બસ જપ્ત કરી છે. હાલ બંને આરોપીઓ જ્યુડિશિયલ કસ્ટડીમાં છે.

આ ઘટનાની ઘેરી પ્રતિક્રિયા પડતા પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે તેને સમાજ પર કલંક ગણાવી છે, જ્યારે સૌરભ ભારદ્વાજે તેને 'નિર્ભયાનું પુનરાવર્તન' ગણાવી કાયદો-વ્યવસ્થા પર સવાલ ઉઠાવ્યા છે. પોલીસ સીસીટીવી ફૂટેજ એકત્ર કરી રહી છે જેથી આરોપીઓ સામે મજબૂત કેસ બનાવી શકાય.

પેજ 3

'રામાયણ' પહેલાં રણબીર કપૂરનું અયોધ્યા કનેક્શન: 3.31 કરોડમાં ખરીદ્યો પ્લોટ

મુંબઈ, તા. 14 : અમિતાભ બચ્ચન પછી રણબીર કપૂર ઉત્તર પ્રદેશના ભગવાન રામના જન્મસ્થળ અયોધ્યામાં જમીનનો ટુકડો ખરીદનાર બોલિવૂડનો બીજો અભિનેતા બન્યો છે. આ વર્ષના અંતમાં તેની 'રામાયણ' રિલીઝ થાય તે પહેલાં અભિનેતાએ અયોધ્યામાં 'ધ હાઉસ ઓફ અભિનંદન લોઢા'ના પ્રીમિયમ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ 'ધ સરયુ' માં જમીનનો એક હિસ્સો ખરીદવા માટે નાણાંનું રોકાણ કર્યું છે. આ સોદો 2,134 ચોરસ ફૂટના કુલ વિસ્તાર માટે અંદાજે 3.31 કરોડમાં થયો છે.

મૌની રોય અને સૂરજ નાંબિયારના લગ્નજીવનનો અંત

મુંબઈ, તા. 14 : લગ્નનાં ચાર વર્ષ બાદ અભિનેત્રી મૌની રોયે ગુરુવારે તેમના લગ્નને લઈને ચાલી રહેલી અટકળો વચ્ચે પતિ સૂરજ નાંબિયારથી અલગ થવાની પુષ્ટિ કરી છે. સોશિયલ મીડિયા પર શેર કરાયેલા એક સંયુક્ત નિવેદનમાં મૌનીએ તેમના અંગત જીવન પર બિનજરૂરી અને દખલગીરીભર્યા ધ્યાન બદલ નિરાશા વ્યક્ત કરી હતી અને ખુલાસો કર્યો હતો કે તેઓએ અલગ થવાનો નિર્ણય લીધો છે.

આલિયા કાન્સ ગાલા ડિનરમાં પહોંચી

કાન્સ, તા. 14 : કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ 2026માં આલિયા ભટ્ટ લોરિયલ પેરિસ ગાલા ડિનર દરમિયાન જોવા મળી હતી, જ્યાં તેણે ફ્લોરલ બ્રોકેડ આઉટફિટ પહેર્યો હતો. બીજી તરફ ગુરુવારે સિંગર-ઇન્ફ્લુએન્સર આરતી ખેત્રપાલનો સનાતન ધર્મ થીમ આધારિત લુક સામે આવ્યો, જેમાં તે કાન્સના રેડ કાર્પેટ પર હાથમાં ભગવદ ગીતા અને 'હરે રામ' લખેલા પર્સ સાથે જોવા મળી હતી. આ પહેલા આલિયા બુધવારે સાંજે કાન્સમાં આઇસ બ્લુ ગાઉનમાં રેડ કાર્પેટ પર જોવા મળી હતી. ફિલ્મ 'એ વુમેન્સ લાઇફ'ના પ્રીમિયર દરમિયાન તેનો 'સિન્ડ્રેલા' અવતાર જોવા મળ્યો હતો. રેડ કાર્પેટ પર આવવાના થોડા કલાકો પહેલાં આલિયાએ ઇન્સ્ટાગ્રામ સ્ટોરી પર લોરિયલ પેરિસને ટેગ કરીને પોતાના લુકની તસવીરો અને વીડિયો શેર કર્યા હતા.

કલકત્તા હાઈકોર્ટમાં 'વકીલ' મમતા બેનર્જીની એન્ટ્રી

ભૂતપૂર્વ મુખ્યમંત્રી વકીલના વેશમાં કલકત્તા હાઇકોર્ટમાં પહોંચ્યા

ચૂંટણી પછીની હિંસા અને પોલીસ નિષ્ક્રિયતા અંગે રજૂઆતો કરી

મમતાની રજૂઆત પછી કાયદો વ્યવસ્થા સુનિશ્ચિત કરવા બંગાળ સરકારને કલકત્તા હાઇકોર્ટનો આદેશ

કેટલાક વકીલોએ મમતાનો હુરિયો બોલવ્યો

રજૂઆત કરીને જ્યારે મમતા બેનરજી હાઇકોર્ટ પરીસર છોડી રહ્યા હતા ત્યારે વકીલોના એક જૂથે તેમની સામે બૂમો પાડી હતી અને ચોરના સૂત્રોચ્ચારો કર્યા હતા. મમતાની સાથે આવેલા પક્ષના નેતા અને વરિષ્ઠ ધારાશાસ્ત્રી કલ્યાણ બેનરજીએ કહ્યું હતું કે ભાજપની અસર હેઠળ કેટલાક વકીલોએ આવું વર્તન કર્યું હતું.

કોલકાતા, તા. 14(PTI): તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો મમતા બેનર્જીએ ગુરુવારે કલકત્તા હાઈકોર્ટમાં જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પછીની હિંસા દરમિયાન પોલીસ નિષ્ક્રિય રહી હતી. આ સાથે જ , ગેરકાયદેસર બાંધકામો વિરુદ્ધ ચાલી રહેલી તોડી પાડવાની ઝુંબેશ વચ્ચે તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ કોઈ બુલડોઝર રાજ્ય નથી. આના પછી હાઈકોર્ટે રાજ્યમાં કાયદો વ્યવસ્થા સુનિશ્ચિત કરવા પશ્ચિમ બંગાળ સરકારને જણાવ્યું હતું.

2026ની વિધાનસભા ચૂંટણીના પરિણામોની જાહેરાત બાદ કાર્યકરો સામેની કથિત હિંસા અને TMCના પક્ષ કાર્યાલયો પરના હુમલાના સંબંધમાં એક કેસની દલીલ કરવા માટે હાઈકોર્ટમાં પ્રથમ વખત હાજર થયેલા પૂર્વ મુખ્યમંત્રીએ રાજ્યના લોકોને હુમલાખોરોથી બચાવવા માટે તાત્કાલિક ન્યાયિક હસ્તક્ષેપની માંગ કરી હતી. તેમણે પોલીસે નિષ્ક્રિયતા દાખવી હોવાનો આક્ષેપ કર્યો હતો. તેમની રજૂઆત પછી કલકત્તા હાઈકોર્ટે પશ્ચિમ બંગાળ સરકારને આદેશ આપ્યો હતો કે તે ચુસ્ત રીતે કાયદો અને વ્યવસ્થાનું પાલન કરાવે. તે સાથે જ આદેશ આપ્યો હતો કે હિંસાના ભયથી ઘરો છોડીને ભાગી ગયેલા કાર્યકરોને સલામતી સુનિશ્ચિત કરવામાં આવે અને તેમને તેમના મકાનોમાં પાછા લાવવામાં આવે.

તાજેતરના સમયમાં મમતા બેનર્જીની વકીલ તરીકે કોર્ટમાં આ બીજી હાજરી હતી અને બંગાળમાં ભાજપના હાથે તેમની પાર્ટીના ચૂંટણી પરાજય પછીની આ પ્રથમ હાજરી હતી.

બાકી રહેલા ૧૬ રાજ્યો અને ૩ સંઘપ્રદેશોમાં ૩૦મીથી SIR

મતદાર યાદી સમીક્ષાની ત્રીજા તબક્કાની આ પ્રક્રિયામાં ૩૬ કરોડથી વધુ મતદારોને આવરી લેવાશે

દમણ, દીવ તથા દાદરા અને નગર હવેલીમાં પણ આ પ્રક્રિયા શરૂ થશે, ગુજરાતમાં થઇ ચુકી છે

નવી દિલ્હી, તા. 14(PTI): ચૂંટણી પંચે ગુરુવારે 16 રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં 36.73 કરોડ મતદારોને આવરી લેતી મતદાર યાદીના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન(SIR)ના ત્રીજા તબક્કાની જાહેરાત કરી છે, જે 30 મેથી તબક્કાવાર શરૂ થશે. જે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં SIR હાથ ધરવામાં આવશે તેમાં દિલ્હી, ઓડિશા, મિઝોરમ, સિક્કિમ, મણિપુર, ઉત્તરાખંડ, આંધ્રપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, હરિયાણા, ચંદીગઢ, તેલંગાણા, પંજાબ, કર્ણાટક, મેઘાલય, મહારાષ્ટ્ર, ઝારખંડ, નાગાલેન્ડ, ત્રિપુરા તેમજ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવનો સમાવેશ થાય છે. પંજાબ, ઝારખંડ, કર્ણાટક અને તેલંગાણા એ એવા રાજ્યો છે જ્યાં આ કવાયત યોજાશે અને ત્યાં વિપક્ષનું શાસન છે. આ નવીનતમ મતદાર યાદી સુધારણા કવાયત દરમિયાન 3.94 લાખથી વધુ બૂથ લેવલ ઓફિસર્સ (BLOs) 36.73 કરોડ મતદારોના ઘરે-ઘરે જશે. ગણતરીના તબક્કા દરમિયાન તેઓને રાજકીય પક્ષો દ્વારા નિયુક્ત કરવામાં આવેલા 3.42 લાખ બૂથ લેવલ એજન્ટ્સ દ્વારા સહાય કરવામાં આવશે. ચૂંટણી પંચે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, હિમવર્ષાવાળા વિસ્તારોમાં હવામાનની સ્થિતિને ધ્યાનમાં રાખીને હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ માટે SIR ના સમયપત્રકની જાહેરાત પછીથી કરવામાં આવશે. એકવાર ત્રીજો તબક્કો પૂર્ણ થઈ જાય પછી, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ સિવાય સમગ્ર દેશ આ પ્રક્રિયા હેઠળ આવરી લેવામાં આવશે.

યુકેના આરોગ્ય મંત્રી વેસ સ્ટ્રીટિંગનું રાજીનામુઃ સ્ટારમર સામે ખુલ્લો બળવો

ભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન એન્જેલા રેયનરે પણ સ્ટારમરના નેતૃત્વને પડકાર્યું, સ્પર્ધામાં ઉતરવાની તૈયારી કરી

લંડન, તા. ૧૪(AP): બ્રિટિશ વડાપ્રધાન કીયર સ્ટારમરને તેમની પોતાની સરકારમાંથી જ સત્તા પરથી હટાવવાના પ્રયાસો ગુરુવારે ખુલ્લા બળવામાં પરિણમ્યા હતા. આ ઘટનાક્રમમાં એક સંભવિત હરીફ મંત્રીએ કેબિનેટમાંથી રાજીનામું આપી દીધું છે, જ્યારે અન્ય એક નેતાએ ભવિષ્યમાં નેતૃત્વની રેસમાં ઉતરવા માટેનો માર્ગ મોકળો કર્યો છે. આરોગ્ય મંત્રી વેસ સ્ટ્રીટિંગ ગુરુવારે સ્ટારમરની કેબિનેટમાંથી રાજીનામું આપનારા પ્રથમ વરિષ્ઠ મંત્રી બન્યા છે, જેને તેમના નેતૃત્વને પડકારવા માટેની પૂર્વતૈયારી તરીકે જોવામાં આવી રહી છે. ચૂંટણીમાં મળેલી આ હારને કારણે લેબર પાર્ટીના ઘણા ધારાસભ્યોમાં સ્ટારમરની નિર્ણયશક્તિ, વિઝન અને નેતૃત્વ ક્ષમતા પ્રત્યે શંકાઓ દ્રઢ થઈ છે.

જુલાઈ ૨૦૨૪માં ૧૪ વર્ષના શાસન વનવાસ બાદ પક્ષને સત્તામાં પરત લાવનારા નેતા માટે આ એક ગંભીર પડકાર છે. સ્ટ્રીટિંગે તેમના આકરા શબ્દો ધરાવતા રાજીનામા પત્રમાં લખ્યું છે કે, તમે વૈશ્વિક મંચ પર સાહસ અને મુત્સદ્દીગીરી બતાવી છે - ખાસ કરીને બ્રિટનને ઈરાન સાથેના યુદ્ધથી દૂર રાખવામાં. પરંતુ જ્યાં આપણને વિઝનની જરૂર છે, ત્યાં ખાલીપો છે. અન્ય એક સંભવિત દાવેદાર અને ભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન એન્જેલા રેનરે ગુરુવારે જણાવ્યું હતું કે, તેમણે ટેક્સ સત્તાવાળાઓ સાથે સમાધાન કરી લીધું છે.

તેમના ટેક્સને લગતા પ્રશ્નોને કારણે ગત સપ્ટેમ્બરમાં તેમને કેબિનેટ છોડવાની ફરજ પડી હતી. રેનરે 'ધ ગાર્ડિયન' અખબારને જણાવ્યું હતું કે જો સ્ટ્રીટિંગ નેતૃત્વની સ્પર્ધા શરૂ કરે છે, તો તેઓ પણ આ ચૂંટણીમાં પોતાની "ભૂમિકા ભજવવા" માટે તૈયાર છે.

વેસ્ટર્ન રેલવે મુંબઈ અને ગોરખપુર વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવશે

ટ્રેન નંબર	પ્રારંભિક સ્ટેશન અને ગંતવ્ય સ્ટેશન	સેવાની તારીખ	પ્રસ્થાન	આગમન
09157	બાંદ્રા ટર્મિનસ - ગોરખપુર	17.05.2026	00:30 (રવિવાર)	17:30 (બીજા દિવસે)
09158	ગોરખપુર - બોરીવલી	18.05.2026	20:30 (સોમવાર)	11:30 (બુધવાર)

સ્ટોપેજ : બંને દિશામાં વાપી, સુરત, વડોદરા, રતલામ, નાગદા, કોટા, સવાઈ માધોપુર, બયાના, ભરતપુર, મથુરા, હાથરસ સિટી, કાસગંજ, બરેલી સિટી, ઈજ્જતનગર, પીલીભીત, મેલાની, સીતાપુર, બુરહવાલ, ગોંડા, બસ્તી અને ખલીલાબાદ સ્ટેશનો પર ઊભી રહેશે. ટ્રેન નંબર 09157ને બોરીવલી સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ મળશે.

કોચનું સંયોજનઃ સ્લીપર અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

ટ્રેન નંબર 09075/09076 મુંબઈ સેન્ટ્રલ-કાઠગોદામ અનુક્રમે 20 અને 21 મે 2026ના રોજ વધારાની ફેરી કરશે.

ટ્રેન નંબર 09447/09448 અમદાવાદ-પટના અનુક્રમે 20 અને 22 મે 2026ના રોજ વધારાની ફેરી કરશે.

ટ્રેન નંબર 09157નું બુકિંગ અને લંબાવેલી ટ્રિપો ટ્રેન નંબર 09075 તથા 09447 માટેનું બુકિંગ 15/05/2026થી તમામ PRS કાઉન્ટર્સ અને IRCTCની વેબસાઇટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો સ્પેશિયલ ભાડા પર સ્પેશિયલ ટ્રેન તરીકે દોડશે.

વેસ્ટર્ન રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઇક અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને તમામ રિઝર્વ્ડ ટિકિટો માટે અસલ આઈડી પ્રૂફ સાથે રાખો.

ઇંડિયન બેંક Indian Bank इलाहाबाद ALLAHABAD

ઝોનલ ઓફિસ સુરત : ૧૦૧-૧૦૨, ત્રીજો માળ, વેસ્ટ ફિલ્ડ સ્કેવર, સુરત-૩૯૫૦૦૭

ઈ-હરાજી વેચાણ નોટિસ સ્થાવર મિલકતોના વેચાણ માટે (જુઓ પ્રોવિસો નિયમ ૮(૬)) એનેક્ષર-II

Bank Website | E-Auction Website

ધી સીક્યુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ,૨૦૦૨, જેને સીકયોરીટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૮(૬) ની જોગવાઈ સહિત વંચાણે લેતા નીચે જણાવેલ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી. આથી જાહેર જનતા ને સાધારણ રીતે અને નીચે જણાવેલ કરજદાર(રો) અને જામીનદાર(રો) ને વિશેષ રીતે જણાવવાનું કે નીચે મુજબની સ્થાવર મિલકતો ઈંડિયન બેંક પાસે ગિરવે રાખેલ / ચાર્જ કરેલ છે. જે સ્થાવર મિલકતોનો સાંકેતિક /પ્રત્યક્ષ કબજો ઈંડિયન બેંક ના અધિકૃત અધિકારી દ્વારા લઈ લેવામાં આવેલ છે. સિકયોર્ડ ક્રેડિટર દ્વારા જે તમામ ને ''જેમ છે જયાં છે અને જેવી છે તેવી છે'' ના ધોરણે તારીખ 08/07/2026 ના રોજ નીચે જણાવેલ ખાતાઓ પાસે લેવાની રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે. કરજદારો/જામીનદારો/મિલકતો/અનામત કિમંત/ઈએમડી અને ઈ-ઓકશનની તારીખની વિગતો નીચે મુજબ છે.

ક્રમ નં.	શાખા	કરજદાર/જામીનદારો/મોર્ગેજરોના નામ	કુલ બાકી	ડિમાન્ડ નોટીસની તારીખ	સાંકેતિક / પ્રત્યક્ષ કબજા હેઠળની સ્થાવર મિલકતનું ચતુઃ દિશા સહિતનું વર્ણન તેમજ અન્ય બોજા ની વિગત, જો કોઈ હોય તો.	કબજાનો પ્રકાર	અનામત કિંમત / ઈએમડી (In Rs.)	મિલકતનો ID નંબર.	અધિકૃત અધિકારીનું નામ અને મો.નં.
૧.	સયાજીગંજ વડોદરા	(૧) શ્રીમતિ રીના પવન ભાટિયા (કરજદાર અને મોર્ગેજર) (૨) શ્રી શૈલેષભાઈ મહેન્દ્રભાઈ પટેલ (જામીનદાર)	રૂ.૧૭,૫૪,૨૧૦.૮૮ તા.૧૨/૦૫/૨૦૨૬ ના રોજની બાકી	૦૬/૦૧/૨૦૨૬	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેણાંક મિલકત અંબે વિલા, ફ્લેટ નં. ૧૦૬, પહેલો માળ, વિભાગ-એ, ટીક્કા નં. ૮/૫, સીટી સર્વે નં. ૧૫૫, માપ ૧૩૨.૧૦ ચો.મીટર્સ, સીટી સર્વે નં. ૧, માપ ૪૭૨.૪૧ ચો.મીટર્સ. પૈકી ૨૫૭.૪૩ ચો.મીટર્સ કુલ જમીન વિસ્તાર ૩૮૯.૫૪ ચો.મીટર્સ, બાંધકામ વિસ્તારનું માપ ૫૯.૨૬ ચો.મીટર્સ, અને જમીનના અવિભાજીત પ્રમાણસર હિસ્સા સહિત જમીન વિસ્તારનું માપ ૧૪.૭૭ ચો.મીટર્સ, ગામઃ વાડી. જે જીલ્લો વડોદરા અને સબ-જિલ્લા વડોદરા થી રજીસ્ટ્રેશન થયેલ. ચર્તુદિશાઃ ઉત્તરેઃ લાગુ સીટી સર્વે નં. , દક્ષિણેઃ ગલીચારી અને ફ્લેટ નં. ૧૦૪, પૂર્વેઃ ફ્લેટ નં. ૧૦૫, પશ્ચિમેઃ કોમન પેસેજ.	સાંકેતિક	15,21,000/- 1,52,100/-	IDIB30619810716	Mr. Tikendra Verma (M) 9131718982
૨.	સયાજીગંજ વડોદરા	(૧) શ્રી ભોજવાણી રાકેશ કિમતભાઈ (કરજદાર અને મોર્ગેજર)	રૂ.૩૨,૭૬,૦૯૯.૩૭ તા.૧૨/૦૫/૨૦૨૬ ના રોજની બાકી	૦૬/૦૧/૨૦૨૬	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેણાંક મિલકત જે ફ્લેટ નં. એ/૧૦૧, પહેલો માળ, દર્શનમ ઓએસીસ, અન્ય બાંધકામ બિલ્ટઅપ વિસ્તાર ૬૬.૧૫ ચો.મીટર્સ, જેની સાથે ૩૪.૪૬ ચો.મીટર્સ જમીનમાં અવિભાજીત હિસ્સા સહિત. જે સ્થિત જમીનનો સર્વે નં. (જૂનો) ૨૮૨, સીટી સર્વે નં. ૧૪૭, ટી.પી. નં. ૬, ફાઈનલ પ્લોટ નં. ૧૬. જે જીલ્લો વડોદરા અને સબ-જિલ્લા વડોદરા થી રજીસ્ટ્રેશન થયેલ. ચર્તુદિશાઃ ઉત્તરેઃ લાગુ કોમન પેસેજ અને ખુલ્લી આકાશ જગ્યા, દક્ષિણેઃ લાગુ ખુલ્લી આકાશ જગ્યા, પૂર્વેઃ લાગુ ખુલ્લી આકાશ જગ્યા, પશ્ચિમેઃ ફ્લેટ નં. એ/૧૦૨.	સાંકેતિક	24,03,000/- 2,40,300/-	IDIB30649078024	
૩.	ન્યુ અડાજણ સુરત	(૧) શ્રી આમીરખાન (કરજદાર અને મોર્ગેજર), (૨) શ્રીમતિ આયેશા આમીરખાન (સહ-કરજદાર અને મોર્ગેજર), (૩) શ્રી પઠાણ મોઈન ખાન (સહ-કરજદાર અને મોર્ગેજર), (૪) શ્રીમતિ યાસ્મીન બાનો ગૌહર ખાન (કરજદાર)	રૂ.૮૬,૦૦,૨૭૬.૭૮ તા.૧૧/૦૫/૨૦૨૬ ના રોજની બાકી	૦૮/૧૨/૨૦૨૫	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાવર મિલકત જે પ્લાન પાસ થયા મુજબ પ્લોટ નં. ૭૯ અને ૮૦ (પ્લાન મુજબ પ્લોટ નં. ૪૨ અને ૪૩),''સફારી પાર્ક'', (કે.જે.પી. બ્લોક નં. ૧૦/બી/૪૨/૪૩) પ્લાન મુજબ લે-આઉટ પ્લોટ નં. ૭૯ અને ૮૦ કુલ વિસ્તારનું માપ ૨૫૩.૨૨ ચો.મીટર્સ., સી.ઓ.પી. અને રસ્તામાં તેમજ ત્યાં સ્થિત તમામ સુવિધાઓમાં અવિભાજીત પ્રમાણસર હિસ્સા સહિતની મિલકત. જે સ્થિત જમીન નો રેવન્યુ સર્વે નં. ૧૧, બ્લોક નં. ૧૦ (કે.જે.પી બાદ બ્લોક નં. ૧૦/બી/૪૨ અને ૧૦/બી/૪૩) ટી.પી.એસ ૨૬, ગામઃ લાજપોર, સબ- જિલ્લોઃ ચોર્યાસી, જિલ્લોઃ સુરત, ગુજરાત- ૩૯૪૨૩૫. ચર્તુદિશાઃ ઉત્તરેઃ પ્લોટ નં. ૭૮, દક્ષિણેઃ રસ્તો, પૂર્વેઃ જોડાયેલ બ્લોક નં. , પશ્ચિમેઃ રસ્તો.	સાંકેતિક	99,00,000/- 9,90,000/-	IDIB30588293968	Mr. Tikendra Verma (M) 9131718982
૪.	રાજપીપળા	(૧) શ્રીમતિ વસાવા અનિતાબેન (કરજદાર અને મોર્ગેજર) (૨) શ્રી વસાવા હેમંતભાઈ પરસોત્તમભાઈ (સહ-કરજદાર અને મોર્ગેજર)	રૂ.૧૭,૪૨,૬૧૩.૪૮ તા.૧૨/૦૫/૨૦૨૬ ના રોજની બાકી	૦૫/૦૧/૨૦૨૬	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત જે પ્લોટ નં. ૮૩, ચંદ્રવિલા બંગલો, બ્લોક/સર્વે નં. ૮૯૧/૮૩, રાજપીપલા, તાલુકોઃ નંદોડ, જિલ્લોઃ નર્મદા, ગુજરાત- ૩૯૩૧૪૫. જે તમો પહેલા અને બીજા ના નામની મિલકત. ચર્તુદિશાઃ ઉત્તરેઃ ૬ મીટર રસ્તો, દક્ષિણેઃ પ્લોટ નં. ૭૭ અને ૭૮, પૂર્વેઃ પ્લોટ નં. ૮૨, પશ્ચિમેઃ પ્લોટ નં. ૮૪.	સાંકેતિક	21,00,000/- 2,10,000/-	IDIB30257596266	Mr. Rajendra Kumar Meena (M) 9945790204
૫.	અડાજણ સુરત	(૧) શ્રીમતિ મનિષાબેન અમિતભાઈ ભુવા (કરજદાર / મોર્ગેજર) (૨) શ્રી અમિતભાઈ ચંદુભાઈ ભુવા (સહ-કરજદાર / મોર્ગેજર)	રૂ.૩૧,૩૫,૯૬૬.૭૫ તા.૧૨/૦૫/૨૦૨૬ ના રોજની બાકી	૨૦/૦૧/૨૦૨૬	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત જે ફાઈનલ પ્લોટ નં. ૧૨૬ ક્રિષ્ના પાર્ક, શિવ શકિત કો.ઓ. હાઉસિંગ સોસાયટી લી. પાસે, જેનું માપ ૭૪.૧૪ ચો મીટર્સ જે સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં. ૫૪ અને ૫૫, બ્લોક નં.૫૫, ટીપી સ્કીમ નં. ૫૯, ગામઃ પારડી-કણદે, તાલુકોઃ ચોર્યાસી, જિલ્લોઃ સુરત. જે શ્રીમતિ મનિષાબેન અમિતભાઈ ભુવા અને શ્રી અમિતભાઈ ચંદુભાઈ ભુવા ના નામે છે. ચર્તુદિશાઃ ઉત્તરેઃ જોડાયેલ પ્લોટ નં. ૧૨૫, દક્ષિણેઃ જોડાયેલ પ્લોટ નં. ૧૨૭, પૂર્વેઃ જોડાયેલ પ્લોટ નં. ૧૩૧, પશ્ચિમેઃ જોડાયેલ સોસાયટીનો આંતરિક રસ્તો.	સાંકેતિક	37,63,000/- 3,76,300/-	IDIB30498958417	Mr. Tikendra Verma (M) 9131718982

નોંધઃ તમે અન્ય નામે પણ સુવિધાઓ લીધી છે. તા.૧૯/૦૧/૨૦૨૬ ના રોજ મેસર્સ નેવ્યા ટેક્ષ ખાતા ની બાકી રકમ રૂ.૮,૮૪,૧૦૯.૧૬ અને મેસર્સ જય શકિત ટેક્ષ ખાતા ની બાકી રકમ રૂ.૭,૫૨,૧૨૬.૮૦ છે.

બીડ વધારવાની કિમંતઃ રૂ.૧૦,૦૦૦/- | ઈચ્છુક બિડરો/ખરીદારોએ ઈએમડીની રકમ પોર્ટલના તેમના ગ્લોબલ ઈએમડી વોલેટમાં તા.૦૮/૦૭/૨૦૨૬ સુધીમાં ટ્રાન્સફર કરવાના રહેશે, એટલે કે, ઈ-ઓકશન તારીખ અને સમય પહેલા.

મિલકત નિરીક્ષણની તારીખ અને સમય : ૧૫/૦૫/૨૦૨૬ થી ૦૭/૦૬/૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ કલાક દરમ્યાન ઈ-ઓકશનની તારીખ અને સમય : ૦૮/૦૭/૨૦૨૬ સવારે ૧૦.૦૦ થી બપોરે ૫.૦૦ (દરેક માટે ૧૦ મિનીટસના અનલિમીટેડ વિસ્તરણ સાથે)

Biddersare advised to visit the website (https://baanknet.com) of our e auctionservice provider PSB Alliance Pvt. Ltd to participate in online bid. For TechnicalAssistance Please call PSB Alliance Pvt. Ltd Helpdesk No. 8291220220, email ID:- support.baanknet@psballiance.com and other help line numbers available inservice providers help desk. For Registration status with PSB Alliance Pvt.Ltd. and EMD status, please contact support.baanknet@psballiance.com. Forproperty details and photograph of the property and auction terms andconditions please visit: https://baanknet.com and for clarifications related tothis portal, please contact Helpdesk No.8291220220 Bidders are advised to useProperty ID Number mentioned above while searching for the property in thewebsite with https://baanknet.com.

તારીખઃ ૧૫/૦૫/૨૦૨૬,
સ્થળઃ સુરત.

સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ દેણદારો/ ગિરવેદારોને ૩૦ દિવસની વેચાણ નોટિસ
(વેચાણ નોટીસના અંગ્રેજી ભાષા કરતા જો અન્ય ભાષામાં હોય તો, કોઈપણ કાયદાકીય ગૂચવણ હેતુ, અંગ્રેજી ભાષાની નોટીસ જ માન્ય રહેશે)

અધિકૃત અધિકારી,
ઈંડિયન બેંક.